# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-07-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## ઉપરાષ્ટ્રપતિ-રાજીનામું -:

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પોતાનાં પદ પરથી રાજીનામું આપ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પાઠવેલા પત્રમાં તેમણે સ્વાસ્થ્યના કારણસર પદ ત્યાગ કરતા હોવાનું જણાવ્યું છે. જગદીપ ધનખડે 2022ના ઓગસ્ટમાં દેશના 14માં ઉપરાષ્ટ્રપતિ પદ સંભાળ્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન સહયોગ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રના મંત્રીમંડળના સભ્યો અને સંસદ સભ્યો પરત્વે આભારની લાગણી વ્યક્ત કરી છે. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પરત્વે તેમના ઉમદા સહયોગ બદલ કૃતઘ્નતાની લાગણી વ્યક્ત કરી છે.

**------------------------------------------------------------------------------------------------**

## સંસદનું ચોમાસુ સત્ર:

સંસદનું ચોમાસુ સત્ર ગઈકાલથી શરૂ થયું. વિપક્ષના હોબાળા વચ્ચે સંસદના બંને ગૃહની કાર્યવાહી આજ સુધી સ્થગિત કરવામાં આવી છે. વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભા સ્થગિત કરવામાં આવી. વિપક્ષના સભ્યો પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી રહ્યા હતા.

**------------------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી-ચોમાસુ સત્ર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું સંસદનું ચોમાસુ સત્ર ફળદાયી અને સમૃદ્ધ ચર્ચાઓથી ભરેલું રહેશે, જે દેશના લોકશાહીને મજબૂત બનાવશે. શ્રી મોદીએ ગઈકાલે સવારે સત્ર શરૂ થાય તે પહેલાં સંસદની બહાર મીડિયાને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યુ હતું.

---

## રાજ્ય –સ્વામીત્વ યોજના -:

રાજ્યમાં સ્વામિત્વ યોજના અંતર્ગત મિલકતધારકોને સનદ હવે વિનામૂલ્યે અપાશે. તેમને સનદ માટે હવે 200 રૂપિયા ફી નહીં ચૂકવવી પડે. આ સાથે જ રાજ્ય સરકારના નિર્ણયથી મિલકતધારકોને સનદ મેળવવાના નાણાકીય ભારણથી મુક્તિ મળશે.

---

## રાજ્ય-ગુજરાત-બોર્ડ GSEB :

રાજ્યમાં ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ 12 સામાન્ય, વ્યવસાયલક્ષી, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા આપનારા ઉમેદવારો શિક્ષણ બોર્ડની વૅબસાઈટ WWW.GSEB.ORG પર ગુણ-ચકાસણીની અરજી કરી શકશે. આગામી 28 જુલાઈએ સાંજે પાંચ વાગ્યા સુધી ઉમેદવારો આ માટેની ઑનલાઈન અરજી કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી પૂરક પરીક્ષાનું પરિણામ 17 જુલાઈએ જાહેર કરાયું હતું.

---

## કચ્છ-અંજાર-મહિલા ગ્રામ સભા :

રાજ્ય સરકાર દ્વારા  અમલી મહિલા અને  બાળ વિકાસ વિભાગ હેઠળ  હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના અંતર્ગત  કચ્છ જીલ્લા કલેક્ટર  આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ અને અંજારના ધારાસભ્ય  ત્રિકમભાઈ છાંગાના  અધ્યક્ષસ્થાને  અંજાર તાલુકાના

મારીંગણા ગામ ખાતે ખાસ મહિલા ગ્રામ સભા ખાટલા બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ અવસરે વિવિધ પ્રશ્નોના સમાધાન સાથે જ ગામમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી દિકરીઓ માટે પિંક લાયબ્રેરી બનાવવા રૂપિયા 5 લાખની વિશિષ્ટ ગ્રાંન્ટ ફાળવવામાં આવી હતી.

ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે ગામની મહિલાઓએ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવો જોઈએ જો પોતે પાત્રતા ધરાવતા ન હોય તો અન્ય જરૂરીયાતમંદ મહિલાઓ સુધી માહિતી પહોંચાડવી જોઈએ. શ્રી છાંગાએ દિકરીઓના શિક્ષણ પર ભાર મુક્યો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી અવનીબેન દવે ગામના સરપંચ ખીમીબેન મહેશ્વરી સહિત સરકારી અધિકારીઓ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## કચ્છ-અબડાસા ધારાસભ્ય રસ્તા-પુલના કામ:

તંત્ર સમક્ષ કામોની કરાયેલી દરખાસ્ત પૈકી અબડાસા તાલુકાના ધોરીમાર્ગને સાંકળતા રસ્તા અને તેના ઉપર જરૂર પ્રમાણેના પુલના 14 કામ માટે રૂા. 4140 લાખની રકમ તથા નખત્રાણા 11 કામ માટે રૂા. 2 હજાર 120 લાખના કામો સહિત કુલ રૂા. 62.60 કરોડ મંજૂર થયા છે. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ રસ્તા-પુલનાં કામોની આપેલી માહિતી મુજબ નખત્રાણા તાલુકાનાના બાંડિયારા રોડ પર પુલ, મોસુણાથી રામપર રોડ, રામપર રોડ પર પુલનું કામ, ઉખેડાથી કાદિયા ઉપર પુલ, ભીમસર રતામિયા, ઊલટ રોડ ઉપર પુલ, વાલ્કા નાનાથી મોટા ઉપર પુલ, ગંગોણ એપ્રોચ રોડ પર પુલ, નાની વિરાણી એપ્રોચ રોડ પર પુલ, નાના અંગિયા લિંક રોડ પુલ, કોટડા (રોહા) રોડ ઉપર પુલ તેમજ અબડાસા તાલુકાના 14 જેટલા નાના-મોટા આવશ્યક પુલ નિર્માણનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે.

---

## રાજ્ય-હવામાન:

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યના અનેક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આજે દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તો માછીમારોને આગામી 25 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

---

## રાજ્ય-સુરત-સુર્વણપદક:

સુરતના ખેલાડી મોહસિન અલી-મોહમ્મદ શેઠે પાવર-લિફ્ટીંગ ચેમ્પિયનશીપ 2025માં બે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. વિએતનામમાં યોજાયેલી સ્પર્ધામાં ખેલાડીએ માસ્ટર-વન શ્રેણીમાં 495 કિલો વજન ઊંચકી પાવર લિફ્ટીંગ અને ડેડ-લિફ્ટ વિભાગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે.

---